# ગુજરાતની ધરતીથી જીવિત પશુઓની નિકાસ નહીં થાય

અમદાવાદ,તા.૧૪

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ટૂંણા – કંડલા બંદરેથી જીવિત પશુઓની નિકાસ તાત્કાલિક અસરથી સ્થાગીત કરવાનો અબોલ પશુજીવ સંવેદના સ્પર્શી નિર્ણય કર્યો છે. તાજેતરમાં જીવતા પશુઓની નિકાસ સંદર્ભે ભારત સરકાર અને એનીમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડીયાએ પ્રસિધ્ધ કરેલી સૂચનાઓને અનુલક્ષીને જ્યાં સુધી ગુજરાતમાં આ માર્ગદર્શીકા પ્રમાણેના ધારા-ધોરણો ન સંતોષાય ત્યાં સુધી તાત્કાલિક અસરથી જીવીત પશુઓની નિકાસ થઈ શકશે નહીં તેવી પશુ જીવદયા પ્રતિબધ્ધતા તેમણે વ્યક્ત કરી છે. મુખ્યમંત્રીએ કેન્દ્રીય વાણિજય મંત્રી સુરેશ પ્રભુને આ અંગે પત્ર પાઠવીને જણાવ્યું છે કે આ માર્ગદર્શીકાને અનુલક્ષીને રાજય સરકાર દ્વારા અત્યારસુધી આપવામાં આવતી લોકલ સર્ટીફીકેશનની મંજુરી નવા નિયમોને કારણે અર્થહિન બની ગઈ છે. કેન્દ્રીય મંત્રીને મુખ્યમંત્રીએ આ પત્રમાં એવી વિનંતી પણ કરી છે કે જ્યાં સુધી ક્વોરેન્ટાઈન સ્ટેશન અને સર્ટીફીકેશનની સુવિધાઓ ઉપલબ્ધ ન થાય તે દરમ્યાનમાં પશુઓની કંડલા બંદરેથી નિકાસની પરમીટ બંધ કરવામાં આવે. આ ઉપરાંત ગુજરાતમાં ટ્રાન્સપોર્ટ ઓફ એનીમલ રૂલ્સ ૧૯૭૮ અને ધ પ્રીવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનીમલ્સ એકટ ૧૯૬૦ની જોગવાઈઓના ચુસ્તપણે પાલન અને પશુઓના પરિવહન અંગે આંતર રાષ્ટ્રીય ધોરણોના પાલન અંગેનું મીકેનીઝમ પર્યાપ્ત માત્રામાં ઉપલબ્ધ થાય. તે દરમ્યાન આ કાયદાઓનો ચુસ્તપણે અમલ કરવા પોલીસ તંત્રને પણ સૂચનાઓ આપવામાં આવી છે. તદઉપરાંત તૃણા પોર્ટ પરથી ગેરકાયદેસર રીતે પશુઓની નિકાસ ન થઈ શકે તે હેતુથી ગૃહ વિભાગ દ્વારા તાકીદના ધોરણે એક ચેકપોસ્ટ ઊભી કરવામાં આવી રહી છે. આ ચેકપોસ્ટ પર પોલીસ તંત્ર ૨૪ ૪ ૭ નિગરાની રાખીને કોઈપણ જીવીત પશુની નિકાસ નહીં થવા દે. રાજ્ય સરકારના નોટીફીકેશન અન્વયે રાજ્યના તમામ જિલ્લામાં ખાસ કરીને કચ્છ જિલ્લામાં સ્થપાયેલ જિલ્લાની પ્રાણી ક્રૂરતા નિવારણ સમિતિને કોઈપણ પ્રકારનાં પ્રાણી ક્રૂરતાના કિસ્સામાં પ્રિવેન્સન ઓફ એનિમલ ક્રૂઅલ્ટી એક્ટની જોગવાઈઓ અનુસાર સઘન કાર્યવાહી કરવા પણ સૂચનાઓ આપવામાં આવી છે.

# ગાંધીનગરમાં ખાદ્ય-ખોરાક ૨૦૧૮નો પ્રારંભ

## પરંપરાગત-સાત્વિક શુદ્ધ વ્યંજનનો રસથાળ વિશ્વને પીરસી 'સર્વ ધ ગ્લોબ' થીમ સાકાર કરવા મુખ્યમંત્રીનું આહવાન





ગાંધીનગર, તા.૧૪

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગાંધીનગરમાં ખાદ્ય-ખોરાક પ્રદર્શન-૨૦૧૮ને ખુલ્લું મૂકતાજાહેર કર્યું કે નાગરિકોને સ્વચ્છતા સાથે સ્વાસ્થ્યપ્રદ ખાનપાન વાનગીઓ મળી રહે તે માટે નગરો-મહાનગરોમાં હાઈજેનિક ફૂડ સ્ટ્રીટ શરૂ કરાશે.

આવી સ્ટ્રીટ સ્થાનિક શહેરી સત્તાતંત્રો અને રાજ્ય સરકારના આરોગ્ય વિભાગના ફૂડ સેફ્ટી તંત્રના સહયોગથી કાર્યરત કરવાની નેમ તેમણે દર્શાવી હતી.

ખાદ્ય ખોરાકનું આ ૧૬મું પ્રદર્શન ૧૪ થી ૧૭ ડિસેમ્બર દરમિયાન ગાંધીનગરમાં એક્ઝિબિશન સેન્ટર – હેલિપેડ ગ્રાઉન્ડમાં યોજાઈ રહ્યું છે. ૧૦૦થી વધુ દેશ-વિદેશની ફૂડ પ્રોસેસિંગ ટેક્નોલોજીના સ્ટોલ્સ સાથે ભારતીય વ્યંજનને વૈશ્વિક સ્વીકૃતિના હેતુથી ફૂડ ઓફ ઈન્ડિયા પોર્ટલ પણ આજે શરૂ થયા છે.

મુખ્યમંત્રીશ્રીએ આ પ્રદર્શનની થીમ સર્વ ધી ગ્લોબને ઉપયુકત ગણાવતા કહ્યું કે ગુજરાતની પરંપરાગત ખાન-પાન વાનગીઓ સાથે ભારતના વિવિધ પ્રાંતની વાનગીનો સ્વાદિષ્ટ–શુદ્ધ રસથાળ વિશ્વને પિરસીને શુદ્ધતા-સાત્વિકતા અને શાકાહારી ખોરાક તરફ વિશ્વને પ્રેરિત કરવું છે.

તેમણે ઉમેર્યું કે દરેક માનવી માટે રોટી-કપડા અને મકાન એ પાયાની જરૂરિયાત છે. રોટી એટલે કે ખોરાક સાત્વિક-શુદ્ધ અને આરોગ્યપ્રદ હોય તો આપણા શાસ્ત્રોએ પણ સ્વીકારીને અન્નને દેવતાની ઉપમા આપેલી છે, એટલે જ અન્ન એવો ઓડકાર કહેવત પડી છે.

મુખ્યમંત્રીશ્રીએ ખોરાક માત્ર જીવન ટકાવી રાખવા માટે નહીં પરંતુ મન-બુદ્ધિ-શરીરના વિકાસ-તંદુરસ્તી માટે પણ આવશ્યક છે તેની વિભાવના સ્પષ્ટ કરતા જણાવ્યું કે આજે ફાસ્ટ લાઈફના યુગમાં લોકો નોકરીની પાળીની ચિંતા કરતા રહે છે તેની સાથે ભોજનની થાળીની પણ ચિંતા કરવી સમયની માગ છે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ આજના યુગમાં ઈન્સ્ટન્ટ ફૂડ પ્રત્યે લોકોની વધતી માગના સંદર્ભમાં કહ્યું કે ખાદ્ય પદાર્થો-બનાવટમાં સ્વસ્થતા અને આરોગ્ય રક્ષા સાથે સમયાનુકૂલ પરિવર્તન માટે નવિન ટેક્નોલોજી અને નવા ઈનોવેશન્સ જરૂરી બન્યા છે. તેમણે આવી ટેક્નોલોજી- ઈનોવેશન્સનો લગ્ન સમારોહ, મેળાવડાઓ, જાહેર સમારંભોમાં વ્યાપક ઉપયોગ કરીને હ્યુમન ટચ ઓછો અને ઓટોમેટીક મશીન્સનો ઉપયોગ વધુ થાય તેવી હિમાયત કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ આગામી વાયબ્રન્ટ સમિટમાં પણ આવી ટેક્નોલોજી-ઈનોવેશનના ઉપયોગની મનસા વ્યક્ત કરી હતી. તેમણે આ વાયબ્રન્ટની થીમ શેપિંગ અ ન્યૂ ઈન્ડિયા છે ત્યારે આ ખાદ્ય ખોરાક પ્રદર્શની પણ મેઈક ઈન ઈન્ડિયા તહેત સર્વ ધી ગ્લોબની થીમ સાથે શેપિંગ અ ન્યૂ ઈન્ડિયામાં પૂરક બનશે તેવો વિશ્વાસ દર્શાવ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ ડિરેક્ટરીનું વિમોચન પણ કર્યું હતું. આ અવસરે આયોજકો શ્રી પ્રકાશ મહેતા, હિમાચલ મહેતા, આરોગ્યના અધિક મુખ્ય સચિવ શ્રી પી. કે. પરમાર, વેદાંતાચાર્ય ગિરીરાજ શાસ્ત્રી સહિત અગ્રણીઓ, આમંત્રિતો અને એક્ઝિબિટર્સ ઉપસ્થિત રહ્યાં હતાં.

# રાજ્યમાં કાતિલ ઠંડી : નલિયામાં ૫.૮ ડિગ્રી

## રાજ્યના અનેક ભાગોમાં પારો ૧૧ ડિગ્રીથી પણ નીચે પહોંચ્યો : જોરદાર ઠંડીના ચમકારાથી જનજીવન પર અસર : અમદાવાદમાં ઠંડા પવનો ફુંકાતા પારો ઘટીને ૧૧.૪ : લોકો દિવસ દરમિયાન ગરમ વસ્ત્રોમાં સુસજ્જ



અમદાવાદ, તા.૧૪

અમદાવાદ સહિત ગુજરાતભરમાંહવે કાતિલ ઠંડીનુંમોજુ ફરી વળ્યું છે. આજે રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાનમાં જોરદાર કડાકો બોલી ગયો હતો. લોકોએ તીવ્ર ઠંડીનો અનુભવ કર્યો હતો. નલિયામાં લઘુત્તમ તાપમાન જોરદાર ગગડીને ૫.૮ ડિગ્રી સુધી નીચે પહોંચી ગયું હતું. ઠંડીના તીવ્ર ચમકારાના કારણે લોકો ધ્રુજી ઉઠ્યા હતા. સૌથી વધારે નલિયામાં અનુભવતા જનજીવન ઉપર પણ માઠી અસર થઈ હતી. બીજી બાજુ અમદાવાદમાં પણ પારો જોરદારરીતે ગગડ્યો હતો અને પારો ૧૧.૪ સુધી પહોંચ્યો હતો. ડિસામાં લઘુત્તમ તાપમાન ૧૦.૧, કંડલા એરપોર્ટ ખાતે લઘુત્તમ તાપમાન ૧૧, સુરેન્દ્રનગરમાં ૧૧.૮ અને વલસાડમાં ૧૧.૧ ડિગ્રી જેટલું લઘુત્તમ તાપમાન નોંધાયું હતું જેથી ઠંડીથી લોકો ધ્રુજી ઉઠ્યા હતા. સૌથી વધુ પારો નલિયામાં ગગડ્યો હતો. આજે અમદાવાદમાં દિવસ દરમિયાન ઠંડા પવનો ફુંકાયા હતા. હવામાન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, સૌરાષ્ટ્ર અને કચ્છના જુદા જુદા વિસ્તારોમાં નિચલી સપાટી ઉપર ઉત્તરીય પૂર્વથી પૂર્વીય પવાનો ફુંકાવાથી તાપમાનમાં નજીવા ફેરફારની સ્થિતિ રહેશે. હાલમાં મિશ્ર સિઝન હોવાના લીધે નાના બાળકો અને મોટી વયના લોકોને સાવધાન રહેવાનો પણ ગાળો છે. હાલમાં તબીબો પાસે જુદા જુદા પ્રકારના બેવડી સિઝનના ઈન્ફેકશન અને ફુડ પોઈઝનીંગના કેસો સાથે લોકો વધુ આવી રહ્યા છે. લઘુતમ અને મહત્તમ તાપમાનમાં હાલ ફેરફાર નહીં થાય તેમ માનવામાં આવે છે. આજે સવારે પણ ઠંડી નોંધાઈ હતી.

જો કે બપોરના ગાળામાં સુર્યપ્રકાશ રહેતા લોકો મિશ્ર સિઝનનો અનુભવ કરી રહ્યા છે. ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં આગામી દિવસોમાં ઠંડી વધવાના સંકેત છે. કારણ કે, જમ્મુ કાશ્મીર, હિમાચલ અને ઉત્તારાખંડમાં હિમવર્ષા થઈ છે. વરસાદ પણ પડ્યો છે. હાલમાં કેટલાક રાજ્યોમાં તીવ્ર ઠંડી માટે માવઠાની અસર પણ જવાબદાર છે. બીજી બાજુ ઉત્તર ભારતમાં પણ કાતિલ ઠંડી પડી રહી છે. પહાડી વિસ્તારોમાં હિમવર્ષા થઈ છે. હવામાન વિભાગના કહેવા મુજબ આગામી બે ત્રણ દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં વધારે ફેરફાર થશે નહીં. હવે ધીરે ધીરે ઠંડી પોતાની અસર દેખાડતી જઈ રહી છે. ત્યારે આગામી દિવસોમાં હજુ પણ ઠંડીનો પારો વધુ નીચે સરકે તેવી આગાહી પણ વ્યકત કરાઈ છે ત્યારે શિયાળાની ઠંડીપ્રેમી નાગરિકો ખુશીની લાગણી વ્યકત કરી રહ્યા છે. મોટાભાગના લોકો મોડી રાત્રે ગરમ વસ્ત્રોમાં પણ નજરે પડવા લાગી ગયા છે. અમદાવાદ શહેરમાં વહેલી સવારથી જ લોકો ગરમ વસ્ત્રોમાં નજરે પડે છે. ફુલગુલાબી ઠંડીમાં વહેલી સવારમાં બાગ બગીચા હવે હાઉસફુલ નજરે પડી રહ્યા છે. ફિટનેસ મેળવવા માટે જીમમાં જતા લોકોની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે.

# અમદાવાદ ખાતે આયુર્વેદ મહાસંમેલન અને આરોગ્ય એક્સપોનું ઉદ્‌ઘાટન

## મુખ્યમંત્રી વિજય રૂપાણી અને શ્રીપદ નાયકના હસ્તે કરાયું : ૨૪ આંતરરાષ્ટ્રીય વક્તાઓ-૩૫થી વધુ દેશોના પ્રતિનિધિઓ-૪૦૦૦ જેટલા ડેલીગેટસ વૈશ્વિક સ્તરે આયુર્વેદ ચિકિત્સાના પ્રસારનું મનોમંથન કરશે




ગાંધીનગર, તા. ૧૪

અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શ એન્ડ એક્ઝિબિશન સેન્ટર ખાતે ૧૪-૧૭ ડિસેમ્બર, ૨૦૧૮ દરમિયાન ૮મી વિશ્વ આયુર્વેદ મહાસંમેલન અને આરોગ્ય એક્સપોનું આયોજન કરવામાં આવ્યું છે. આ મેગા ઈવેન્ટનું આયોજન આયુષ મંત્રાલય અને ગુજરાત સરકારના સહયોગથી વર્લ્ડ આયુર્વેદ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવી રહ્યું છે. ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી અને ભારત સરકાર આયુષ મંત્રાલયના રાજ્યપ્રધાન શ્રીપદ નાયક, અને પદ્મશ્રી વૈદ્ય રાજેશ કોટેચા (સેક્રેટરી, મિનિસ્ટ્રી ઓફ આયુષ, ગવરમેન્ટ ઓફ ઈન્ડીયાના હસ્તે ૮મી વિશ્વ આયુર્વેદ મહાસંમેલન અને આરોગ્ય એક્સપોનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિજ્ઞાન ભારતીના પ્રેસિડન્ટ વિજય ભાટકર, આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ પૂનમચંદ પરમાર, દેશ વિદેશથી પધારેલા આરોગ્ય ક્ષેત્રના ડૉકટર્સ - તજજ્ઞો તથા આયુર્વેદ ક્ષેત્ર સાથે સંકળાયેલ કંપનીઓના પ્રતિનિધિઓ, આયુર્વેદ પ્રેમી નાગરિકો, આયુર્વેદના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં યોજાઈ રહેલી આઠમી વર્લ્ડ આયુર્વેદ કોંગ્રેસને રાઈટ ટાઈમ ફોર રાઈટ જોબ ગણાવતાં કહ્યું કે, ગુજરાતનો સંબંધ આયુર્વેદ અને આયુર્વેદ ચિકિત્સા સાથે બહુ જૂનો છે. ૧૯૫૨માં દેશનું પહેલું આયુર્વેદ સંશોધન કેન્દ્ર ગુજરાતમાં જામનગરમાં શરૂ થયું હતું જે આજે ધનવંતરી આયુર્વેદિક વિશ્વ વિદ્યાલયના રુપમાં પ્રસ્થાપિત થયું છે. એટલું જ નહીં ગુજરાતની ૧૯૬૦માં અલગ રાજ્ય તરીકે સ્થાપના થઈ ત્યારથી જ આયુર્વેદ વિભાગ કાર્યાન્વિત કરવામાં આવેલો છે.

મુખ્યમંત્રીએ તાજેતરમાં ગુજરાતમાં ઈટ રાઈટ ઈન્ડિયા અભિયાન અને આજે ગાંધીનગરમાં ખાદ્ય ખોરાક પ્રદર્શનીના પ્રારંભ સાથે આ આઠમી વિશ્વ આયુર્વેદ કોંગ્રેસની શરૂઆતની ત્રિવેણી નાગરિકોના સ્વાસ્થ્ય સુખાકારી, યોગ્ય આહાર અને આયુર્વેદ યોગથી સામાજિક તંદુરસ્તીની દિશાનું એક સ્તુત્ય પગલું બનશે.

વિજયભાઈ રૂપાણીએ આયુર્વેદને વિશ્વના અનેક દેશોમાં અભ્યાસ તેમજ અધિકૃત ચિકિત્સા પ્રણાલી તરીકે સ્વીકારાઈ રહી છે તેનો ઉલ્લેખ કરતાં ઉમેર્યું કે, આયુર્વેદના પરંપરાગત ચિકિત્સા જ્ઞાનનું ડોક્યુમેન્ટેશન કરવું સમયની આવશ્યકતા છે. મુખ્યમંત્રીએ ક્ષારસૂત્ર ઓટોમેટિક મશીનનું ડિજિટલી લોકાર્પણ કર્યું હતું.

આયુષ વિભાગના કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રીપાદ નાઈકે જણાવ્યું કે, આયુર્વેદ એ વિશ્વને મળેલી ચિકિત્સાની અનોખી ભેટ છે. છેલ્લા ઘણાં સમયથી આયોજિત આ આયુર્વેદિક કોંગ્રેસ આંતરાષ્ટ્રીય ઈવેન્ટ બની રહી છે.

તેમણે કહ્યું કે, વર્ષ- ૨૦૨૦ સુધીમાં હેલ્થ ફોર ઓલના મિશન સાથે કેન્દ્ર સરકારે આયુષ્યમાન ભારત સહિત અનેક કલ્યાણકારી યોજનાઓ કાર્યાન્વિત કરી છે.

## માર્ગોની સુધારણા

● અનુસંધાન ત્રીજાનું ચાલુ

પાછળ તોતિંગ ખર્ચ કરવામા આવશે. જયારે વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષીને સે-૧૭ હેલીપેડ મેદાન ખાતે સ્થિત વિવિધ ડોમમાં મેગા એકઝિબીશન યોજવામા આવનાર છે. ત્યારે બે દિવસ અગાઉ પણ ઉચ્ચ અધિકારીઓએ આ સ્થળની મુલાકાત લઈને પ્રદર્શન સ્થળ પર પાયાની સુવિધાઓને લગતી બાબતો અંગે નિરિક્ષણ કરી સંબંધિત વિભાગના અધિકારીઓને સુચના આપવામા આવી હતી. જેમા સેન્ટરમાં આવેલા વૃક્ષોનુ ટ્રીમીંગ તેમજ સફાઈ સહીતની બાબતોનો પણ વિશેષ ખ્યાલ રાખવા માટે જણાંવાયુ હતુ. વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી આ એકઝિબીશન સેન્ટરના માર્ગોની સુધારણાનુ કામ પણ હાથ ધરવામાં આવશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧ કરોડનો ખર્ચ કરાશે.

## મહિલા સરપંચ

● અનુસંધાન ત્રીજાનું ચાલુ

નિર્ણયો, વિકાસના કામમાં લાંબી કોઠાસુઝ નથી. તથા વોર્ડના સભ્યોની રજૂઆતોને આંખ આડા કાન કરવામાં આવી રહ્યા હોવાના કારણો ગ્રામ પંચાયતના સભ્યોએ ગાંધીનગર તાલુકા પંચાયતના નિમણુંક અધ્યાસી અધિકારી બી.કે. ડામોરની અધ્યક્ષસ્થાને યોજાયેલી સભામાં મહુન્દ્રા ગ્રામ પંચાયતના સભ્યોએ રજૂ કર્યા હતા.

## ગરબડ નથી

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવાની માંગ કરી રહેલા અરજીદારોને એ વખતે મોટો ફટકો પડ્યો હતો જ્યારે કોર્ટે કહ્યું હતું કે, જ્યાં સુધી અમે પોતે જાહેર કરતા નથી ત્યાં સુધી તે મુદ્દે કોઈપણ ચર્ચા કરવામાં આવશે નહીં. આ ગાળા દરમિયાન સરકારી અને સોદાબાજીમાં તપાસની માંગ કરી રહેલા અરજીદારોના વકીલ વચ્ચે જોરદાર દલીલબાજી ચાલી હતી. સૌથી પહેલા અરજી કરનાર લોકો તરફથી દલીલો કરવામાં આવી હતી. ત્યારબાદ સરકાર તરફથી રજૂઆત કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટના નિર્દેશ ઉપર હવાઈ દળના અધિકારીને પણ નિવેદન આપવા માટે બોલાવવામાં આવ્યા હતા. સરકારે કહ્યું હતું કે, રાફેલ જેટ હવાઈ દળ માટે ખુબ જ જરૂરી હતી. એટર્ની જનરલ કેકે વેણુગોપાલ તરફથી રજૂઆત કરવામાં આવી હતી. તેમણે કહ્યું હતં કે, હવાઈ દળની તાકિદની જરૂરીયાતોને ધ્યાનમાં લઈને રાફેલ જેટની ખરીદી મહત્વપૂર્ણ બની ગઈ હતી. વેણુગોપાલે કહ્યું હતું કે, રાફેલ જેટની તાકિદની જરૂરિયાતોને ધ્યાનમાં લેવામાં આવી હતી. એટર્ની જનરલે કોર્ટમાં કહ્યું હતું કે, કારગિલની લડાઈમાં અમે કેટલાક જવાનો ગુમાવી દીધા હતા. જો એ ગાળામાં અમારી પાસે રાફેલ જેટ વિમાનો રહ્યા હોત તો નુકસાન ઓછુ રહ્યું હોત. આને લઈને હવાઈ દળે પણ વેણુગોપાલની દલીલોમાં સહમતિ દર્શાવી હતી. કેન્દ્ર સરકાર તરફથી એટર્ની જનરલે કહ્યું હતું કે, દસો તરફથી સરકારને ઓફસેટ પાર્ટનરોની માહિતી આપી નથી. ઓફસેટ પાર્ટનરોને દસોએ પસંદ કર્યા છે. સરકારની આમા કોઈ ભૂમિકા નથી. કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં કબૂલાત કરી હતી કે, ફ્રાંસની સરકારે ૩૬ વિમાનોની કોઈ ગેરંટી આપી નથી પરંતુ વડાપ્રધાને લેટર ઓફ કન્ફર્ટ ચોક્કસપણે આપ્યા છે. સુપ્રીમ કોર્ટે હવાઈ દળના અધિકારીઓ પાસેથી સવાલ જવાબ બાદ તેમને કોર્ટમાંથી જવાની મંજુરી આપી હતી. સુપ્રીમ કોર્ટ દ્વારા હવાઈ દળના અધિકારીઓને બોલાવવા માટે સુચના આપ્યા બાદ એક એર માર્શલ અને ચાર વાઈસ એરમાર્શલ સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યા હતા. સુપ્રીમ કોર્ટે અરજી કરનાર લોકોની દલીલો સાંભળ્યા બાદ મહત્વપૂર્ણ નિર્દેશ આપ્યા હતા. કોર્ટે કહ્યું હતું કે, આ સમગ્ર મામલામાં હવાઈ દળની રજૂઆતને પણ ધ્યાનમાં લેવાની જરૂર હતી.

# પેપર લીક કેસમાં હજુ વધુ ધરપકડ થવાની સંભાવના

અમદાવાદ, તા.૧૪

ગુજરાતના લોકરક્ષક દળના પેપર લીક કાંડમાં ચોંકાવનારા ખુલાસા થયા છે. જેમાં એલઆરડીનું પેપર સેંકડો ઉમેદવારોએ ખરીદેલું હતુ. જો આ કેસમાં ૧૨૦ (બી)નો ગુનો નોંધાય તો પોલીસની ઊંઘ હરામ થઈ જાય. પેપર લીક કૌભાંડ રૂ.૪૫૦ કરોડનું કૌભાંડ હોવાની પોલીસને આશંકા છે. આ સમગ્ર કૌભાંડમાં હજુ વધુ ધરપકડો ટૂંક સમયમાં થવાની શકયતા પણ પોલીસ તરફથી વ્યકત કરવામાં આવી હતી. તો એલઆરડી પેપરની આન્સર કી સેંકડો ઉમેદવારો સુધી પહોંચી હોવાથી પોલીસે હવે તે દિશામાં પણ બહુ ઉંડાણપૂર્વકની તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. પેપર લીક કૌભાંડમાં પોલીસ દ્વારા ધરપકડ કરાયેલા ૧૫ આરોપીના સોશિયલ મીડિયાના એકાઉન્ટની ચકાસણી કરવામાં આવી છે. એકાઉન્ટની ચકાસણીમાં હજારો ઉમેદવારના નામ ખુલ્યા છે.

રાજયભરમાં પેપર લીક થયાનું પોલીસ નકારતી નથી, ત્યારે પોલીસે હવે સમગ્ર કૌભાંડમાં રિમાન્ડ પર રહેલા આરોપીઓની પૂછપરછમાં બહાર આવી રહેલી ચોંકાવનારી વિગતોના આધારે તપાસનો દોર આગળ ધપાવ્યો છે. ઉલ્લેખનીય છે કે, ગાંધીનગર પોલીસની ટીમે આજે પેપર લીક કૌભાંડનું સમગ્ર ષડયંત્ર જયાં ઘડાયું તે અમદાવાદ શહેરના આશ્રમરોડ ખાતેની હોટલ વાઈસ પ્રેસીડેન્ટની તાજેતરમાં જ મુલાકાત લઈ ત્યાં ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી.

પોલીસે આંતરરાજય ગેંગના પકડાયેલા સભ્યો વિનીત માથુર, અશોક સાહુને લઈ બે દિવસ પહેલાં વાઈસ પ્રેસીડેન્ટ હોટલમાં ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી. હોટલના સીસીટીવી ફુટેજ સહિતના પુરાવા એકત્ર કરી હોટલના સ્ટાફ કર્મચારીઓની પૂછપરછ કરી તેમના નિવેદન મેળવ્યા હતા.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ